4(C)(1) 263

સંદેશ
તા. ૪/૧૦/૨૦૦૧

# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

## :: જાહેર સુચના ::

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬, કલમ-૪૨ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯ નિયમ ૧૭, ડ્રાફટ ટી.પી. સ્કીમ નં.૨૩ (કોસાડ) :સુડા: સુરત.

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨/૧ પ્રમાણે, નગર રચના યોજના નં.૨૩ (કોસાડ) :સુડા: સુરતની મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે. આ નગર રચના યોજનામાં નીચે મુજબના બ્લોકનંબરોની જમીનનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના નં.૨૩ (કોસાડ)

મોજે: કોસાડ

બ્લોકનંબર: ૪૪, ૪૫, ૫૦ થી ૧૧૮, ૧૧૯ પૈકી, ૩૫૫ તથા હયાત રસ્તા.

આથી નગર રચના યોજનાની મુસદ્દાની સુચિત દરખાસ્તોની સ્કીમમાં માલીકો/હિતસંબંધ ધરાવનારાઓને સમજુતી આપવા તેમજ તે અંગે સલાહ સુચનો લેવા તા.૬/૧૦/૨૦૦૧ના શનિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે થી ૧૨.૦૦ કલાક સુધી અમરોલી વિભાગ, વિવિધ કાર્યકારી સહકારી મંડળી ઉત્રાણ, રેલ્વે સ્ટેશન સામે, અમરોલી ખાતે એક મીટીંગ રાખવામાં આવેલ છે. આ જાહેર સુચનાથી નગર રચના યોજના નં.૨૩ (કોસાડ) :સુડા: સુરતમાં સમાવેશ થતી જમીનોના માલીકો/જમીનોના હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને ઉપરોક્ત મીટીંગમાં હાજર રહેવા વિનંતી છે.

સહી/-
(ક઼ે. કે. પરમાર)
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

સંદેશ ૪/૧૦/૨૦૦૧

નંબર માહિતી-સુરત-૫૪૧/૦૧

OCT 2001

6 OCT 2001

4(C)(2)

# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ જગ્યા માટે નીચે સહી કરનારને તા. ૧૨-૧૧-૨૦૦૧ સુધીમાં પહોંચે તે રીતે નીચે જણાવેલ લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ (ઈલે.) સંખ્યા - ૭(સાત) જે પૈકી ૫(પાંચ) જગ્યાઓ બિનઅનામત છે જ્યારે ૨(બે) જગ્યા અનુસુચિત જનજાતિના ઉમેદવાર માટે અનામત છે.

**લાયકાત:** ડીપ્લોમા ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ, ડીપ્લોમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ ઉપરાંત ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયરીંગની લાયકાત ધરાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. ગુજરાત રાજ્યનાં લાયસન્સીંગ બોર્ડના ઠરાવ્યા મુજબ કોમ્પીટન્સી સર્ટીફીકેટ/પરમીટ ઉમેદવાર ધરાવતો હોવો જોઈએ.

**વયમર્યાદા:** વધુમાં વધુ ૨૮ વર્ષની રહેશે. શી.ટ્રા.ના ઉમેદવારો માટે નિયમ મુજબ છુટછાટ રહેશે. સુરત મહાનગરપાલિકામાં કામ કરતાં કર્મચારીઓને વયમર્યાદા લાગુ પડશે નહીં.

**શરતો અને બોલીઓ:** પસંદગી પામેલ ઉમેદવારે માસિક સાધારણ સભાના ઠરાવ ક્રમાંક ૩૫૩/૨૦૦૧, તા.૨૭/૮/૨૦૦૧ મુજબ ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂા.૩,૦૦૦/-દ્વિતીય વર્ષે રૂા.૩,૫૦૦/- તથા તૃતીય વર્ષે રૂા.૪,૨૦૦/- પ્રતિમાસ ઉચ્ચક ભથ્થુ આપવામાં આવશે ત્યારબાદ તાલીમી/અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી ''મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ (ઈલે.)'' તરીકે રૂા.૫,૫૦૦- ૧૭૫-૯,૦૦૦/- ના પગારધોરણમાં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણૂંક આપવામાં આવશે જ્યારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉક્ત તાલીમી સમય દરમ્યાન તેઓનાં અગાઉનાં હોદ્દાનો મૂળપગાર મેળવવાનો રહેશે અને તાલીમ/અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી ''મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ (ઈલે.)'' તરીકે રૂા.૫,૫૦૦-૧૭૫--૯,૦૦૦/- ના પગારધોરણમાં નિયમોનુસાર મૂળપગાર નક્કી કરી આપવામાં આવશે.

અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતની કચેરીએથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦-૩૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં રૂા.૨૫/-ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે ''સુરત મહાનગરપાલિકા''નાં નામનો જ રૂા.૨૫/-નો ક્રોસ ભારતીય પોસ્ટલ ઓર્ડર, ૨૩ સે.મી. X૧૦ સે.મી.ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળું રૂા.૪/-ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે મોકલવાનો રહેશે. તે સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી મંગાવવાની માંગણી ઉપર અરજીફોર્મ મોકલવામાં આવશે નહીં.

ભરીયેલ ફોર્મ નીચેનાં સરનામે નિયત સમય સુધી સ્વીકારવામાં આવશે./પહોંચાડવાના રહેશે.

**અરજી મોકલવાનું સરનામુ:**

ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રુમ નં.૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

નં.પીઆરઓ/૨૫૦/૨૦૦૧-૨૦૦૨
તા. ૧૧/૧૦/૨૦૦૧

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

ગુજરાત

12 OCT 2001